**મોદીએ એશિયાડના મેડલિસ્ટોને કહ્યું આ સફળતા ફક્ત તમારી નહીં, પરંતુ કરોડો દેશવાસીઓની છે**

# મોટા સપના જોઈ તેને પ્રાપ્ત કરવાનો આત્મવિશ્વાસ પણ રાખો : મોદી

**પીએમ** મોદીએ એશિયન ગેમ્સના મેડલ વિજેતાઓને મળી 2036 ઓલિમ્પિક્સનું આયોજન કરવાના સંકલ્પને દોહરાવ્યો

**બંને** હોકી ટીમે હસ્તાક્ષર કરાયેલી સ્ટીક અને જર્સી, બંને ક્રિકેટ ટીમ દ્વારા જર્સી, તિરંદાજી ટીમે ધનુષ-બાણ ગીફ્ટમાં આપ્યા








» એશિયન ગેમ્સમાં પહેલીવાર એકસાથે ગોલ્ડ જીતનાર ભારતીય પુરુષ અને મહિલા હોકી ટીમોએ પીએમ મોદીને ખેલાડીઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલી હોકી સ્ટીક અને જર્સી ભેટમાં આપી હતી. સતત બીજી વખત ગોલ્ડ મેડલ જીતનાર બંને ક્રિકેટ ટીમોએ પણ પ્રધાનમંત્રીને જર્સી ભેટમાં આપી હતી. તીરંદાજીમાં બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીતનારી કુમકુમ મોહોદે ધનુષ્ય અને તીર ભેટમાં આપ્યું હતું અને ગોલ્ડ મેડલ વિજેતા ગોલ્ફર પ્રણવી ઉર્સે ફ્રેમવાળા ગોલ્ફ બોલ અને ગ્લવ્ઝ ભેટમાં આપ્યા હતા.

નવી દિલ્હી, તા. 15 : આઈચી નાગોયા એશિયન ગેમ્સમાં મેડલ જીતનારા ભારતીય ખેલાડીઓને મળ્યા બાદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2036ના ઓલિમ્પિક્સનું આયોજન કરવાના પોતાના સંકલ્પને પુનરાવર્તિત કર્યો હતો. મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં એશિયન ગેમ્સના મેડલ વિજેતાઓને સંબોધતા વડા પ્રધાન મોદીએ કહ્યું, કે આપણા સપના મોટા છે, આપણો સંકલ્પ પણ મોટો છે, પરંતુ આજે દરેક ભારતીયમાં તેમને પૂરા કરવાનો આત્મવિશ્વાસ છે. તેથી જ હું પૂરા વિશ્વાસ સાથે કહું છું કે ભારત 2036 માં ઓલિમ્પિક્સનું આયોજન કરશે.

તેમણે કહ્યું કે તમારો ઉત્સાહ અને આત્મવિશ્વાસ નવા ભારતની સૌથી મોટી તાકાત છે. આ સાથે, આપણે ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવું જોઈએ.

2047 માં વિકસિત ભારત, ઓલિમ્પિકનું આયોજન, નવી રમતોમાં મેડલ, આપણે આ બધા લક્ષ્યો પ્રાપ્ત કરીશું. એશિયન ગેમ્સના મેડલને કરોડો ભારતીયો માટે સફળતા ગણાવતા તેમણે કહ્યું, તમે બધા યુવા ખેલાડીઓ એ વાતના ઉદાહરણ છો કે કેવી રીતે જુસ્સો, જ્યારે વિજયમાં પરિવર્તિત થાય છે, ત્યારે મેડલની સાથે તમારા ચહેરા પર સ્મિત પણ લાવે છે. તમારી સફળતા ફક્ત તમારી નથી, પરંતુ આ દેશના કરોડો નાગરિકોની સફળતા છે. તેમણે ખાસ કરીને યુવા અને મહિલા ખેલાડીઓની, ખાસ કરીને એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક વિજેતા મહિલા હોકી ટીમની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે રમત મંત્રી મનસુખ માંડવિયા, રમત રાજ્યમંત્રી રક્ષા ખડસે, રમત સચિવ હરિ રંજન રાવ, ભારતીય ઓલિમ્પિક્સ સંઘના વડા પીટી ઉષા, રાષ્ટ્રીય રમતગમત સંઘોના વરિષ્ઠ અધિકારીઓ, ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલના પ્રમુખ જય શાહ પણ હાજર રહ્યા હતા.

## સૂર્યકુમાર યાદવ દુબઈમાં વૈભવી ઘર ખરીદી શાહરૂખનો પાડોશી બન્યો



દુબઈ, તા. 15 : ભારતના ટી-20 વર્લ્ડકપ વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવે દુબઈમાં બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન સાથે સંકળાયેલા રહેણાંક પ્રોજેક્ટ પાસે એક વૈભવી ઘર ખરીદ્યું છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તે પોતાની પત્ની દેવીશા શેટ્ટી સાથે મિલકતના દસ્તાવેજો પર સહી કરી રહ્યો છે.

સૂર્યકુમારે ડેન્યુબ પ્રોપર્ટીઝ પાસેથી આ મિલકત ખરીદી હતી. તેણે કહ્યું કે વર્ષોથી દુબઈની તેની મુલાકાતોએ તેને શહેર, ખાસ કરીને તેની જીવનશૈલી, જીવનધોરણ અને સુરક્ષા પ્રત્યે પ્રેમ થયો છે. તેણે કહ્યું કે હું પહેલી વાર 2014 માં અહીં આવ્યો હતો, અને અમે 2020 માં પાછા ફર્યા. ભારતના લોકો દુબઈ તરફ જોઈ રહ્યા છે; અહીં વૈભવી અને જીવનધોરણ અલગ છે. જ્યાં હું મુંબઈમાં રહું છું ત્યાં સલામતી છે, જ્યારે સુરક્ષાની દ્રષ્ટિએ દુબઈ પણ ઉત્તમ છે. અહીં આવવાથી મને ખૂબ જ આરામ અને ખુશી મળે છે. સૂર્યકુમારના નવા ઘરની કિંમત જાહેર કરવામાં આવી નથી.

## બીજી ટેસ્ટ માટે દ આફ્રિકાની ટીમમાં સ્ટબ્સના સ્થાને બ્રીટ્ઝકેનો સમાવેશ

જોહાનિસબર્ગ, તા. 15 : ઓસ્ટ્રેલિયા સામે 18 ઓક્ટોબરથી ગકેબરહામાં શરૂ થનારી બીજી ટેસ્ટ મેચ માટે ટ્રિસ્ટન સ્ટબ્સની જગ્યાએ મેથ્યુ બ્રિટ્ઝકેને દક્ષિણ આફ્રિકાની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ક્રિકેટ સાઉથ આફ્રિકાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે પહેલી ટેસ્ટ માટે ટીમમાં એક ફેરફાર કરવામાં આવ્યો છે. ટ્રિસ્ટન સ્ટબ્સના સ્થાને મેથ્યુ બ્રિટ્ઝકેનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાયન રિકેલ્ટન બીજી ટેસ્ટ માટે વિકેટકીપિંગ કરશે. ત્રણ મેચની શ્રેણીની પહેલી મેચ દક્ષિણ આફ્રિકાએ 214 રનથી હારી ગઈ.

**દક્ષિણ આફ્રિકાની ટીમ :** ટેમ્બા બાવુમા, માર્કસ એકરમેન, ડેવિડ બેડિંગહામ, મેથ્યુ બ્રીટ્ઝકે, કોર્બિન બોશ, ગેરાલ્ડ કોએત્ઝી, સિમોન હાર્મર, માર્કો યાન્સન, કેશવ મહારાજ, એડન માર્કરમ, વિઆન મુલ્ડર, સેનુરન મુથુસામી, એનરિક નોર્કિયા, ડેન પેટરસન, કગિસો રબાડા, રાયન રિકલ્ટન, કાઇલ વેરિએન.

## ડેનમાર્ક ઓપન : ત્રિસા-ગાયત્રીની જોડી ક્વાર્ટર ફાઇનલમાં, શ્રીકાંત બહાર

ઓડેન્સ, તા. 15 : ભારતની મહિલા ડબલ્સ જોડી ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદે ગુરુવારે પાંચમી ક્રમાંકિત ઇન્ડોનેશિયન જોડી રશેલ એલેસ્યા અને રોઝ ફેબી સેટિયાનિંગ્રમને 45 મિનિટની મેચમાં સીધી ગેમમાં 21-16, 21-17 થી હરાવી ડેનમાર્ક ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. અગાઉ, કિદામ્બી શ્રીકાંતે તેના જૂના ફોર્મની ઝલક બતાવી હતી પરંતુ ત્રણ ગેમની પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચમાં ફ્રાન્સના વર્તમાન વિશ્વ ચેમ્પિયન એલેક્સ લેનિયર સામે 21-11, 15-21, 15-21થી હારી ગયો હતો. મહિલા સિંગલ્સની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ભારતની અશ્મિતા ચલિહાનો જાપાનની અકાને યામાગુચી સામે 21-18, 21-10થી પરાજય થયો.

## સ્વિટેક વુહાન ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં, મુચોવા હારીને બહાર

વુહાન, તા. 15 : ઇગા સ્વિટેક ગુરુવારે અહીં અમેરિકન એશ્લિન ક્રુગરને 6-1, 6-4 થી હરાવીને વુહાન ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ હતી. આ જીત સાથે, સ્વિએટેકે WTA ફાઇનલ્સ માટે ક્વોલિફાય થવાની આશા મજબૂત કરી હતી. તેની પ્રતિસ્પર્ધી કેરોલિના મુચોવાને 11મી ક્રમાંકિત ડાયના સ્નાઇડર સામે 7-5, 6-3થી હારનો સામનો કરવો પડ્યો હતો. એલિના સ્વિટોલીનાએ ચીનની વાઇલ્ડ કાર્ડ હોલ્ડર ગુઓ હાન્યુને 6-1, 6-4 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. અમેરિકન ખેલાડી ઈવા જોવિકને માજા ખ્વાલિન્સ્કાએ 6-4, 6-1 થી ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકી દીધી. જ્યારે સોના કાર્થલે જાસ્મીન પાઓલિનીને એક કલાકથી ઓછા સમયમાં 6-2, 6-0 થી હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

## ડિ મિનૌરને હરાવી ઝવેરેવ શાંઘાઈ માસ્ટર્સની સેમીમાં

શાંઘાઈ, તા. 15 : અહી રમાતી શાંઘાઈ માસ્ટર્સ ટેનિસ સ્પર્ધામાં ટોચના ક્રમાંકિત ખેલાડી એલેક્ઝેન્ડર ઝવેરેવે ઓસ્ટ્રેલિયાના એલેક્સ ડિ મિનૌર સામે 6-4, 6-4 ના સીધા સેટોમાં શાનદાર વિજય મેળવીને ટૂર્નામેન્ટની સેમી ફાઇનલમાં પહોંચ્યો છે. મેચ દરમિયાન ઝવેરેવે પોતાની ફર્સ્ટ સર્વનો ખૂબ જ સારો ઉપયોગ કર્યો હતો અને તેણે સામેવાળા ખેલાડી દ્વારા મળેલા તમામ પાંચ બ્રેક પોઈન્ટ્સ બચાવી લીધા હતા. મહવે સેમિફાઇનલમાં ઝવેરેવનો મુકાબલો અલેજાન્ડ્રો ડેવિડોવિચ ફોકિના સામે થશે, જેને આર્થર ગિયાની ઈજાને કારણે રિટાયર થવાથી સીધો ફાયદો મળ્યો હતો. ઝવેરેવ અને ફોકિના વચ્ચેના હેડ-ટુ-હેડ રેકોર્ડમાં ઝવેરેવ 6-1થી આગળ છે.

## મેસીના આસિસ્ટથી NYCFC સામે જીતી ઈન્ટર માયામી MLS પ્લેઓફમાં

માયામી ગાર્ડન્સ, તા. 15 : લિયોનેલ મેસીના આસિસ્ટ પર રોડ્રિગો ડી પોલે ગોલ કર્યો જ્યારે જર્મેન બર્તેરામે વધુ એક ગોલ ઉમેરીને વર્તમાન ચેમ્પિયન ઈન્ટર માયામીને બુધવારે રાત્રે ન્યૂ યોર્ક સિટી એફસી (NYCFC) સામે 2-0થી જીત અપાવી ફરીથી એમએલએસ પ્લેઓફમાં પહોંચાડી દીધું છે. લુઈસ સુઆરેઝે પણ ઈન્ટર માયામી માટે એક ગોલ કરવામાં મદદ કરી હતી. જુલાઈ પછી પહેલીવાર માયામીએ સતત બે મેચ જીતી છે. 2023માં જ્યારે મેસી માયામી ટીમોમાં સામેલ થયો ત્યારે ટીમ પ્લેઓફમાં પહોંચી શકી નહોતી, પરંતુ તે પછી સતત ત્રણ સીઝનથી ટીમે પ્લેઓફમાં સ્થાન મેળવ્યું છે. વર્ષ 2024માં માયામી અટલાન્ટા યુનાઈટેડ સામે પ્રથમ રાઉન્ડમાં હારી ગયું હતું, પરંતુ ગયા વર્ષે વાનકુવરને હરાવીને ક્લબનો પહેલો એમએલએસ કપ જીત્યો હતો.

## વિશ્વજીતે અંડર-23 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર જીતીને ઇતિહાસ રચ્યો

લાસ વેગાસ, તા. 15 : વિશ્વજીત મોરેએ અંડર-23 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ભારતીય ગ્રીકો-રોમન રેસલર બનીને ઇતિહાસ રચ્યો, જ્યારે કોમલ અને દિશા મલિકે બ્રોન્ઝ મેડલ માટે દાવેદારી જાળવી રાખી હતી. અંડર-23 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બે બ્રોન્ઝ મેડલ જીતી ચૂકેલા મોરે પાસે ગોલ્ડ મેડલ જીતવાની સારી તક હતી પરંતુ ફાઇનલમાં તેઓ જ્યોર્જિયાના કોબા કરુમિડ્ઝ સામે 12-13ના નાના માર્જિનથી હારતા તેણે બીજા સ્થાને સંતોષ માનવો પડ્યો. મોરેએ પોતાના અભિયાનની શરૂઆત મેક્સિકોના આઇઝેક મારિન માતા પર 10-8 થી જીત સાથે કરી અને પછી ક્વાર્ટર ફાઇનલમાં ઈરાનના અંડર-20 વર્લ્ડ ચેમ્પિયન આર્મીન શમસીપોરને 8-1 થી હરાવ્યો.

# હરીફ ખેલાડીના વાળ ખેંચવા બદલ વિનિશિયસ પર ચાર મેચનો પ્રતિબંધ

**વિલારિયલ** સામેની મેચમાં રેડ કાર્ડ મળ્યા બાદ સ્પેનિશ ફૂટબોલ ફેડરેશનની વિનિસિયસ સામે મોટી કાર્યવાહી

**વિનિસિયસે** ચાર મેચના સસ્પેન્શન મામલે રેફરીઓ પર નિશાન સાધીને કહ્યું, ક્રિએટિવ ખેલાડીઓને રક્ષણ મળવું જોઈએ



મેડ્રિડ, તા. 15 (એપી) : વિલારિયલ સામેની મેચમાં હરીફ ખેલાડી નાથન સલીબાના વાળ ખેંચવા અને રેફરી સાથે ઉગ્ર દલીલો કરવા બદલ રિયલ મેડ્રિડના સ્ટાર ફોરવર્ડ વિનિશિયસ જુનિયર પર ચાર લીગ મેચનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ નિર્ણયને કારણે તે બાર્સિલોના સામેની મહત્વપૂર્ણ 'એલ ક્લાસિકો' મેચ ગુમાવશે.

વિલારિયલ સામેની મેચ દરમિયાન વિનિશિયસે સલીબાના વાળ ખેંચતા તેને 73મી મિનિટે ડાયરેક્ટ રેડ કાર્ડ બતાવવામાં આવ્યું હતું અને તેનો ગોલ પણ રદ કરાયો હતો. અનુશાસન સમિતિએ વાળ ખેંચવા બદલ બે મેચ અને રેફરી ઈસિદ્રો ડિયાઝ ડે મેરા સામે આક્રમક વિરોધ કરવા બદલ વધુ બે મેચનો પ્રતિબંધ લગાવ્યો છે.

રોમા સામેની ચેમ્પિયન્સ લીગ મેચના માત્ર બે કલાક પહેલાં આ નિર્ણય જાહેર થતાં રિયલ મેડ્રિડના કોચ હોસે મોરિન્હોએ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આ જાહેરાતના સમય પર સવાલો ઉઠાવ્યા હતા. રિયલ મેડ્રિડ આ પ્રતિબંધ સામે અપીલ કરે તેવી શક્યતા છે. વિનિશિયસ હવે સવિલા, બાર્સિલોના, રેસિંગ સેન્ટેન્ડર અને વેલેન્સિયા સામેની મેચોમાં રમી શકશે નહીં. આ તરફ વિનિસિયસ જૂનિયરે રેફરીઓના વલણ સામે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે તેમની જેવા જ લામિન યામલ અને જુલિયન અલ્વારેઝ જેવા પ્રતિભાશાળી ખેલાડીઓને રેફરીઓ દ્વારા વધુ રક્ષણ મળવું જોઈએ. વિનિસિયસે કહ્યું કે તેમના પર થઈ રહેલા ફાઉલ સામે રેફરીઓ યોગ્ય પગલાં નથી લેતા અને તેમને જ કાર્ડ આપી દેવામાં આવે છે.

# ભારતીય મહિલા ટીમની આજથી મંધાનાની આગેવાનીમાં નવા યુગની શરૂઆત

**ઝિમ્બાબ્વેની** સામે ત્રણ મેચની સીરિઝની પહેલી મેચમાં આજે ભારતીય ટીમ ટી-20ની નબળાઇ સુધારવા માગશે

**સાંજે** 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

રાયપુર, તા. 15 (પીટીઆઈ) : ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આવતીકાલે શુક્રવારે અહીં ઝિમ્બાબ્વે સામે ત્રણ મેચની ટી-20 ઈન્ટરનેશનલ સીરિઝમાં નવનિયુક્ત કેપ્ટન સ્મૃતિ મંધાનાના નેતૃત્વમાં નવા યુગની શરૂઆત કરતી વખતે પોતાની રમતમાં વધુ સુધારો કરવાનો પ્રયાસ કરશે. ભારત અને ઝિમ્બાબ્વેની મહિલા ટીમો પહેલીવાર દ્વિપક્ષીય સીરિઝમાં એકબીજાનો સામનો કરવા મેદાને પડશે. ભારતીય ટીમે તાજેતરમાં એશિયન સ્તરે પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે, પરંતુ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં, ખાસ કરીને ટૂંકા ફોર્મેટમાં, તેમણે હજુ પણ ઘણો સુધારો કરવાની જરૂર છે. છેલ્લા બે ટી-20 વર્લ્ડકપમાં ભારતના પ્રદર્શને તેમની નબળાઈઓ છતી કરી છે. જો ટીમ ઓસ્ટ્રેલિયા જેવી ટીમોને સતત પડકાર આપવા માંગતી હોય, તો તેણે રમતના ત્રણેય ક્ષેત્રોમાં સુધારો કરવો પડશે. ભારત હજુ પણ યોગ્ય નંબર ત્રણ બેટ્સમેનની શોધમાં છે. માજી કેપ્ટન હરમનપ્રીત કૌરનું ખરાબ ફોર્મ પણ ચિંતાનો વિષય છે. હરમનપ્રીત હવે ટીમમાં એક નિષ્ણાત બેટર તરીકે રમશે, જેના કારણે તેના પર સારું પ્રદર્શન કરવાનું દબાણ વધુ વધશે. નીચલા ક્રમમાં ઋચા ઘોષને ટેકો આપવા માટે ભારતને કેટલાક વધુ પાવર હિટર વિકસાવવાની પણ જરૂર છે. તાજેતરના સમયમાં ભારતની ફિલ્ડિંગ પણ સારી રહી નથી અને ટીમને આ વિભાગમાં ઘણો સુધારો કરવાની જરૂર છે. ટી-20 સીરિઝ પછી બંને ટીમો વડોદરામાં ત્રણ વનડે મેચ રમશે.

## ચેમ્પિયન્સ લીગમાં એમ્બાપ્પે અને હાલેન્ડે મેસીના અલગ અલગ રેકોર્ડ તોડયા

**એમ્બાપ્પેએ** ચેમ્પિયન્સ લીગમાં સૌથી યુવા વયે 100 મેચ રમવાનો, હાલેન્ડે સૌથી યુવા વયે 60 ગોલ કરવાનો મેસીનો રેકોર્ડ તોડ્યો

રોમ, તા. 15 (એપી) : કિલિયન એમ્બાપ્પે અને એર્લિંગ હાલેન્ડે ગઈકાલે બુધવારે એક જ દિવસમાં ચેમ્પિયન્સ લીગની બે અલગ અલગ મેચમાં દિગ્ગજ લિયોનલ મેસીના બે અલગ અલગ રેકોર્ડ તોડ્યા હતા.

રીઅલ મેડ્રિડ અને રોમા વચ્ચેની મેચ દરમિયાન એમ્બાપ્પે ચેમ્પિયન્સ લીગમાં સૌથી યુવા વયે 100 મેચ રમવાનો મેસીનો રેકોર્ડ તોડ્યો હતો, તેણે 27 વર્ષની વયે આ આંકડો પુરો કર્યો છે. જ્યારે મેસીએ સપ્ટેમ્બર 2015માં 28 વર્ષની ઉંમરે બાર્સેલોના તરફથી રોમા સામે રમતી વખતે આ રેકોર્ડ બનાવ્યો હતો. માન્ચેસ્ટર સિટીના એર્લિંગ હાલેન્ડે PSG સામેની તેમની ટીમની 2-4 થી હાર છતાં એ મેચમાં કરેલા બે ગોલથી ચેમ્પિયન્સ લીગમાં તેના નામે 60 મેચોમાં કુલ 61 ગોલ નોંધાયા છે. UEFA અનુસાર, 26 વર્ષ અને 85 દિવસની ઉંમરે, હાલેન્ડ ચેમ્પિયન્સ લીગમાં 60 ગોલ કરીને સૌથી યુવા વયે ગોલનો આ આંકડો સર કરવાનો મેસીનો રેકોર્ડ માત્ર એક દિવસના માર્જીનથી તોડ્યો હતો.

## ચેમ્પિયન્સ લીગમાં એક દિવસે સૌથી વધુ 78 ગોલનો ઓલટાઈમ રેકોર્ડ

પેરિસ, તા. 15 : પેરિસ સેન્ટ-જર્મેન (પીએસજી) એ વિવાદોમાં સપડાયેલી મેન્ચેસ્ટર સિટીની મુશ્કેલીઓમાં વધુ વધારો કર્યો હતો, જ્યારે બીજી તરફ રિયલ મેડ્રિડે છેલ્લી મિનિટોમાં ત્રણ ગોલ કરીને રોમાને ચોંકાવી દીધું હતું. આ સાથે જ ચેમ્પિયન્સ લીગમાં એક જ મેચ-ડે પર સૌથી વધુ ગોલ કરવાનો નવો રેકોર્ડ સર્જાયો હતો. સ્પર્ધાના મેચ-ડે બે દરમિયાન કુલ 78 ગોલ નોંધાયા હતા, જેણે ગયા સત્રના મેચ-ડે ત્રણના 71 ગોલના અગાઉના રેકોર્ડને તોડી નાખ્યો હતો. બુધવારે રમાયેલી નવ મેચોમાંથી છ મેચમાં ઓછામાં ઓછા પાંચ ગોલ નોંધાયા હતા, જેમાં ઓસ્ટ્રિયાના ચેમ્પિયન લાસ્ક સામે લિવરપૂલની 6-3થી થયેલી જીત મુખ્ય આકર્ષણ રહી હતી.

### સુડોકુ 'કૃતિ' ડકશ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | ૭ | ૧ | | |
| | | ૪ | | ૯ | | ૩ | | ૮ |
| ૬ | ૧ | | | ૮ | | ૭ | | |
| ૭ | ૮ | ૫ | | ૨ | | ૯ | ૪ | |
| | ૨ | ૧ | | ૫ | ૪ | | ૮ | |
| ૪ | | | | | ૮ | | ૭ | ૨ |
| | | | ૮ | ૭ | | ૪ | | |
| ૮ | ૪ | | ૫ | | ૯ | | | |
| | | | | ૪ | | ૮ | ૫ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**પેટ ફૂલી જાય**

બરોળ, યકૃત કે વાયુના કારણે પેટ ફૂલી જાય તો અર્ક લવણ બે ગ્રામ, સવારે અને સાંજે ગરમ પાણીમાં આપવું

### શબ્દગુંફન - ૭૨૭૧

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૨. ગુમાસ્તો, મુનીમ (૪)
૬. લેપ કરવો તે (૩)
૭. દયાવાળું (૪)
૯. કૃપા દાખવવાપણું (૫)
૧૧. દોસ્ત, આશક (૨)
૧૩. નિષેધ, મનાઈ (૨)
૧૪. થોડા મત હોવા કે ધરાવવા (૪)
૧૭. નાણું (૨)
૧૮. મીટ, અનિમેષ નજર (૨)
૨૦. પ્રીત, સ્નેહ (૨)
૨૨. દિલ ઊંચુ થવું તે (૪)
૨૪. દસેક કિલોમીટરનું અંતર (૩)
૨૬. એક સ્થળે લાંબો વખત થોભવું (૩)
૨૭. પાણી પીવાની ઈચ્છા (૩)
૨૯. દુઃખ (૩)
૩૧. આલાપ, ધૂન, મસ્તી (૨)
૩૨. પ્રાણીઓના ખેલનો તમાશો (૪)
૩૫. કાપડ વગેરેના નાના-નાના ટુકડા (૪)
૩૬. રસ્તો, ઉપાય (૩)

**ઊભી ચાવી**

૧. ટાઢિયો તાવ (૪)
૨. વાંદરું, કપિ (૩)
૩. જુસ્સો, અધીરાઈ (૫)
૪. ઈશ્વરની મનાતી એક અનાદિ શક્તિ, સ્નેહ (૨)
૫. અભિપ્રાય (૨)
૭. મુદ્દાસર ઉઠાવેલી તકરારની રજૂઆત (૩)
૮. ઘા ઉપર લગાવાતું ઔષધ (૩)
૧૦. સોનું (૨)
૧૨. રૂપાનું, રૂપું (૩)
૧૫. ઘુઘાટ, ઘૂઘવવું તે (૪)
૧૬. એક જંતુ (૨)
૧૯. વહેમ (૨)
૨૦. નવાઈ (૩)
૨૧. દિવસ, હંમેશ (૨)
૨૩. ટગરટગર (૪)
૨૪. ઉછાળો, જુસ્સો (૨)
૨૫. નવું (૩)
૨૮. બનાવેલું, રચેલું (૩)
૩૦. ખામી, ઘટ, ખોટ (૩)
૩૧. તંગી, અછત (૨)
૩૩. નસ, વલણ (૨)
૩૪. દિવાની જ્યોત (૨)

### આજનું પંચાંગ

**તા. 16/10/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિ:** સુદ: છઠ: 29:55
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-24
**યોગ :**શોભન **કરણ:** કૌવલ
**રાશી :** વૃશ્ચિક (ન,ય) 06:49 પછી ધન (ભ,ધ,ફ,ઢ)
**નક્ષત્ર :** જ્યેષ્ઠા: 06:49 સુધી જન્મેલાની જ્યેષ્ઠા અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
**દિવસ :** સામાન્ય-સરસ્વતિ આવાહન 06:49 પછી- પ્લુટો માર્ગી: 08:12
**સુરતમાં સૂર્યોદય :** 06:34 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:13
**નવકારસી :** 07:24
**પારસી વર્ષ :** 1396 ખોરદાદ માસનો 03જો રોજ
**મુસલમાન વર્ષ :**1448 જમાઉદિઉલ અવલ માસનો 04થો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે: 10:30 થી 12:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ઘરમાં ધાર્મિક વાતાવરણ અને પ્રવૃત્તિ વધશે. દેવ દર્શન કે યાત્રા થાય. નોકરી ધંધામાં સામાન્ય રહે.

**વૃષભ (બ,વ,ઉ,):** ખર્ચ પર કાબૂ રાખવો અઘરો રહેશે. આરોગ્યના ખર્ચા વધશે. અચાનક ઉઘરાણી આવી શકે છે. ધર્મ કર્મ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** વેપાર-ધંધામાં નવી યોજના બને. ભાગીદારીમા લાભ થાય. કૌટુંબિક ધાર્મિક પ્રસંગમાં જવાનું બને.

**કર્ક (ડ,હ,):** આરામ કરવાનું મન થાય. શરીરમાં થાક અને મનમાં ગુપ્ત ભય રહે. આર્થિક બાબતે ધીરજથી નિર્ણય લેવા ખર્ચા વધે.

**સિંહ (મ,ટ,):** સંતાનોના કામ થાય. નવા રોકાણ થાય. પરીક્ષામાં હકારાત્મક રહે. મિત્રો સાથે સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** પરિવારમાં તાલમેળથી નવા કામ-ધંધાની યોજના બને. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. દેવદર્શનથી શાંતિ.

**તુલા (ર,ત,):** સાહસ અને આત્મવિશ્વાસથી કઠિન કામ પૂર્ણ થાય. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. તીર્થયાત્રા થઇ શકે છે.

**વૃશ્ચિક (ન,ય,):** વાણી-બુદ્ધિ કુશળતાનો પ્રભાવ કાર્યસ્થળ પર જોવા મળશે. અચાનક શુભ સમાચાર મળે. આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવા વિચારો કાર્ય સ્થળને ઉત્સાહિત કરશે. પ્રેમમાં સાથ મળે. ધાર્મિક પ્રવાસ થાય. આવક વધશે.

**મકર (ખ,જ,):** ધાર્મિક યાત્રા થાય. સમાજ સેવાથી માન વધે. કોર્ટ કચેરીમાં મદદ મળે. વિશ્વાસઘાતથી સાવધાન રહેવું.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પ્રેમમાં ભૂલો કાઢવાનું ટાળવું. અભ્યાસમાં નવું શિખવા મળે. નોકરીમાં પ્રગતિ થાય. આવક વધારવાની તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** સહકર્મીઓ સાથે પ્રોજેક્ટમાં કામ કરવાનો લાભ મળે. નવુ શિખવા મળે. વેપારમાં આવક વધશે.

### કોઈ પણ સાલમાં 16 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ટેકનોલોજી અને સરકારી નીતિઓ પ્રમાણે કામ કરવાથી નવુ શિખવાની સાથે દોડધામ, જવાબદારી અને માનસિક અશાંતિનો અનુભવ વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિથી રાહત થાય. સમાજ જીવનમાં યસ મળે. પરિવાર સાથે આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. વારસા, જાયદાત જમીન જેવો કામમાં વડીલો મિત્રોનો સાથ મળે. પ્રેમ-વિવાહ થઈ શકે. ઉંમર લાયકના વિવાહ થાય. સ્ત્રી વર્ગને માનસિક આરોગ્યની સમસ્યા સતાવે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મ થાય. જુન-જુલાઈમાં સોમ-ગુરુવારે 07,16, 25 તારીખે નવા કામ કરવા. ગુલાબી- સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ- સપ્ટેમ્બરમાં બુધ-શુક્રવારે 05,14,23 તારીખે નવા કામ ટાળવાં. લીલો- લાલ-રંગ ઓછો વાપરવો. ચંદ્ર અને કેતુના ઉપાય કરતા રહેવું.